1. ઈસ્લામ ધર્મના સ્થાપક કોણ હતા ?

➢ ઈસ્લામ ધર્મના સ્થાપક મહમદ પયંગબર સાહેબ હતા.

2. આરબોના સંપર્કથી ભારતમાં કઈ કઈ રમતો દાખલ થઈ ?

➢ આરઓના સંપર્કથી ભારતમાં શિકારે, મલ્લવિદ્યા અને પ્રાણીઓની સાઠમારી જેવી રમતો દાખલ થઈ.

3. વિજયનગર સામ્રાજયમાં સોનાના સિક્કાઓ કયા નામથી જાણીતા હતા?

➢ વિજયનગર સામ્રાજયમાં સોનાના સિક્કાઓ 'વાહ' નામથી જાણીતા હતા.

4. અલબેરૂની કોણ હતો ?

➢ અલબેરૂની મહમદ ગઝનવી સાથે ભારતમાં આવેલો એક મુસ્લિમ તારીખકાર ઈતિહાસવિદ હતો.

5. ભારતીય ઈતિહાસમાં મધ્યયુગના કેટલા વિભાગો પડે છે? કયા - કયા?

➢ ભારતીય ઈતિહાસમાં સાતમીથી ઓગણીસમી સદી સુધીના સમયગાળાને મધ્યયુગ' કહે છે. આ યુગના રાજકીય ઈતિહાસના મુખ્ય ત્રણ વિભાગો પડે છે : (1) રાજપૂત યુગ : ઈ. સ. 647થી 1192 સુધી, (2) સલ્તનત યુગ : ઈ. સ. 1206થી 1526 અને (3) મુઘલ યુગ : ઈ. સ. 1526થી 1707 તથા મરાઠા યુગ : ઈ. સ. 1720થી 1818.

6. 'હુમાયુનામા' કોણે લખ્યું હતું ?

➢ 'હુમાયુનામાં' હુમાયુની બહેન ગુલબદન બેગમે લખ્યું હતું, જેમાં તેણે હુમાયુની સિદ્ધિઓનું વર્ણન કર્યું છે.

7. ગઝનવીના આક્રમણ સમયના ભારતનું વર્ણન કયા ગ્રંથમાં છે?

➢ ગઝનવીના આક્રમણ સમયના ભારતનું વર્ણન અલબેરૂની- રચિત અરબીગ્રંથ તહકીક-એ-હિન્દ' ગ્રંથમાં છે.

8. રાણી પદ્માવતીને મેળવવા અલાઉદીન ખલજીએ ચિત્તોડ પર કરેલ આક્રમણનું વર્ણન કયા ગ્રંથમાં છે ?

➢ રાણી પદ્માવતીને મેળવવા અલાઉદીન ખલજીએ ચિત્તોડ પર કરેલ આક્રમણનું વર્ણન પદ્માવતરચિત 'મલિક મુહમ્મદ જાયસી' ગ્રંથમાં છે.

9. મુઘલ યુગના વિખ્યાત ચિત્રગ્રંથો ક્યા છે?

➢ 'હઝાહનામા' અને 'શાહનામા' મુઘલ યુગના વિખ્યાત ચિત્રગ્રંથો છે.